સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

... ને ફરી 'રોશની' માં ભ્રષ્ટ ચકલી ચરકી જશે!
... ને ફરી વિકાસ-વ્યાખ્યાનોમાં દોરી સરકી જશે
મરકી જશે મહાત્માનું મુખ, આ નાટક જોઈ -
... ને ફરી મુખત્યારીમાં, સ્વતંત્રતા ફરકી જશે!

હાઈકુ

કરાવો કિલ્લે
બહુમતિમાં બદ્ધ -
સ્વાતંત્ર્ય - 'દીન'

મુબારક હો!
ભલે, ભારે હૃદયે
'સ્વાતંત્ર્ય દિન'

ચિંતન

અજ્ઞાનસ્ય નિવૃત્તિસ્તુ જ્ઞાનેનૈવ ન કર્મણા ।
અવિરોધિતયા કર્મ નૈવાજ્ઞાનસ્ય બાધકમ્ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જ્ઞાનથી જ અજ્ઞાન દૂર થાય છે, કર્મથી દૂર થતું નથી, કેમ કે કર્મ અજ્ઞાનનું વિરોધી નહિ હોવાથી અજ્ઞાનનું બાધક બની શકતું નથી :

કર્મ-ક્રિયાકાંડ અને અધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં ર્ન ન હોય, સમજ વિનાની તાંત્રિક ક્રિયા જ હોય તો એનો કોઈ જ મતલબ - અર્થ નથી. જે ક્રિયા માત્ર અણસમજથી થાય તેનું કોઈ ફળ મળતું નથી તે અજ્ઞાન જ છે. જ્ઞાનથી સમજપૂર્વક કરેલી પ્રવૃત્તિ સફળ થાય છે.

પેલી ૧૧ આત્મહત્યા અજ્ઞાનનું કર્મ છે.

સુવિચાર

- આલસી મનુષ્ય કી જિંદગી મેં 'સોના (નીંદ)' દરિદ્રતા કા સૂચક હૈ, પુરુષાર્થી મનુષ્ય કી જિંદગી મેં, 'સોના' (ગોલ્ડ)' ભાગ્ય કા સૂચક હૈ ! - **અમૃતબિંદુ**
- નાના સાથે નાજુકાઈથી, ઘરડા સાથે કરૂણાથી, મહેનત કરનારા સાથે સહાનુભૂતિથી અને નબળાં તથા ખોટાં સાથે સહિષ્ણુતાથી વર્તજો. જિંદગીમાં તમે પણ કયારેક આ બધાનાં જેવા હશો - **તાઓ વચન**
- ધન ગુમાવીને આપણે આપણા આત્માને પવિત્ર પરિશુદ્ધ રાખી શકીએ તો એ કાંઈ મોંઘો સોદો નથી જ - **મુન્શી પ્રેમચંદ**
- 'ધન' માટે નો વપરાતો એક શબ્દ છે 'અર્થ'. જો ધનનો સદ્‌પયોગ કરો તો 'સાર્થક' નહીં તો 'વ્યર્થ' - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- સપનાનું કરો વાવેતર ને પરિશ્રમનું પૂરો ખાતર, સફળતા મળશે જરૂર, અપના હાથ જગન્નાથને જાત મહેનત ઝિંદાબાદ થકી, સફલતા મળશે જરૂર - **જગદીશ ભગત**
- સંતાનો માતાપિતાના અધૂરા સ્વપ્ના પૂરા કરવાની પ્રયોગશાળા નથી - **મૃગેશ વૈષ્ણવ**
- આજનું ઔષધ : હીરાબોળનું ચૂર્ણ જખમ પણ લગાવવાથી તે જલ્દી રૂઝાય છે અને ઝખમ પાકતો નથી

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ધનવાન પરિવારમાં લાડ-કોડમાં ઉછરેલા આજર કૈવાં પારસી ધર્મના મશહુર સંત બન્યા હતા. તેમણે પારસી ધર્મ સિવાય ઈસ્લામમાંથી નીકળેલો સૂફીવાદનો પણ અભ્યાસ કર્યો હતો. તેઓએ આ સૂફી પરંપરાને પણ માનવા વાળા સાચા સંત હતા. પારસી ધર્મનો સિદ્ધાંત તેમણે સારી રીતે પચાવ્યો હતો. એકવાર પાંચ સાધુઓ તેમને મળવા આવ્યા. આ સૌ પૂર્વાશ્રમમાં ખૂબ સંપન્ન પરિવારમાંથી આવ્યા હતા. તેમણે પણ આજર કૈવાંની જેમ ભૌતિક દુનિયા સાથે નાતો તોડીને આવ્યા હતા. તેમણે પણ આજરકૈવાંની જેમ ભૌતિક દુનિયા સાથે નાતો તોડીને ઈશ્વરની સાધનાનો માર્ગ પસંદ કર્યો હતો. તેમ છતાં તેમના મનમાં ઉચાટ અને ગુંચવણો ચાલી રહી હતી. પાંચે સાધુઓએ આજરને પૂછ્યું 'તમે હંમેશા ખુશ - મિજાજમાં હોવ છો અને અમે દુ:ખી શું કામ ?' બીજા સાધુએ કહ્યું, 'અમે સૌ સુખી પરિવારમાંથી સાધુ જીવતા થયા. અમારી પાસે પણ તમારા પૂર્વાશ્રમની જેમ સુખ-સાધન-સગવડોની કોઈ જ કમી નહતી.' કૈવા બોલ્યાં. 'તો પછી ફિકર શાની છે. તમે સંસાર છોડીને હજી એમાં જ ફસાયેલા છો. સાચી ફકીરી તો દરેક ચીજના મોહને છોડવામાં છે, નહીં કે તેની મેળવવાની ઈચ્છામાં, તમારું મન હજી પણ મોહમાયામાં ફસાયેલું છે તો તમે પાછા ફરો. સંસારમાં રહીને પણ ઈશ્વરમાં મન પરોવી શકાય. ફકીરી તમારા હાથની વાત નથી.' આજર કૈવાંનો જવાબ સાંભળી પાંચેય સાધુ ભોંઠા પડ્યા.

સ્વાતંત્ર્ય પર્વને 'હૃદય પર્વ' બનાવીએ

તંત્રીસ્થાનેથી...

હવે સ્વાતંત્ર્ય પર્વનો પ્રજાને મન વિશેષ મહિના નથી રહ્યો. આઝાદીની નજીકનાં વર્ષોમાં એનો જે રોમાંચ હતો તે મહંદશે ઓસરી ગયો છે. એ વર્ષોમાં તો સ્વાતંત્ર્ય પર્વ કોઈ ધાર્મિક ઉત્સવથી પણ વધુ પ્રભાવક બની રહેતું. અત્રતત્ર સર્વત્ર એક પ્રકારની સનસનાટી પ્રસરી જતી. કળાક્રમે એ રાષ્ટ્રપ્રેમ સ્થિર થતો ગયો અને લગ્નનાં શરુઆતનાં વર્ષો પછી દાંપત્યજીવનમાં આવે છે એવો વિષાદયોગ શરૂ થઈ ગયો. ત્યાં સુધી કે હવે આઝાદીની ચળવળ વિશેની વાતો સાંભળવામાં કે એનાં શૌર્યગીતોમાં કોઈ ને મુદલ રસ નથી રહ્યો. અંગ્રેજોના કે રજવાડાંના શાસન કરતાં આઝાદી પછીના લોકશાહી રાજમાં પ્રજાને કોઈ વિશેષ સારપ કે વહીવટી કુશળતા વરતાઈ હોત તો એ જરૂર રાજી થઈ ગઈ હોત. પરંતુ અંગ્રેજોને કાઢીને કાળા અંગ્રેજોના હાથમાં સત્તા સોંપવા જેવું લાગવા માંડતાં જ આઝાદીનો રોમાંચ ઓસરવા લાગ્યો. પરિણામે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી એક જાહેર સરકારી રજા અને શાળા કૉલેજો તથા સરકારી કચેરીઓમાં ધ્વજવંદનના કર્મકાંડથી વધારે રહેવા પામેલ નથી. તે એક કડવી વાસ્તવિકતા છે.તેમ છતાં, સ્વાતંત્ર્ય પર્વનો મહિમા કોઈ પણ પ્રજાએ વીસરવો ન જોઈએ એટલું કહેવાનું મન જરૂર થાય છે. સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ભારતનું વિશ્વના નકશામાં વિશિષ્ટ સ્થાન છે. બલકે આપણએ વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા બે દેશો પૈકીના દેશ તરીકે પ્રચંડ માનવશક્તિ ધરાવતા અને આર્થિક મહાસત્તા બનવા ભણી અગ્રેસર રાષ્ટ્ર છીએ તે આપણા માટે ગૌરવનો વિષય છે. આપણી પાસે છે તે કદાચ દુનિયાના અન્ય કોઈ દેશ પાશે નથી. આપણી પાસે હજારો વર્ષો જૂનો સાંસ્કૃતિક વારસો છે. અહીં વિશ્વનો સૌથી ઊંચો પર્વત - હિમાલય છે. ત્રણે તરફ સમુદ્રથી ઘેરાયેલા અને માથે હિમાલયનું રખોપું ધરાવતી આ ભારતભૂમિમાં વન પણ છે અને રણ પણ છે. અહીં અતિવૃષ્ટિ છે અને કારમો દુકાળ પણ છે. ગરમી અને ઠંડીના વિક્રમજનક આંકડા છે. અનેક પ્રકારની જીવસૃષ્ટિ સાથે અને ભાતીગળ અતીત સાથે આ ભૂમિ આદિ અનાદિ કાળથી સૃષ્ટિની તમામ પ્રજાઓને આકર્ષતી રહી છે. કોલંબસ 'ઈન્ડિયા' શોધવા નીકળ્યો હતો અને અમેરિકા જઈ ચડ્યો હતો. વિશ્વના તમામ ધર્મોનો આ ભૂમિમાં સ્વીકાર અને સમન્વય થયો છે. ભાષાઓ, બોલીઓ અને ગ્રંથસંપદામાં આપણો દેશ બીજા દેશોની સરખામણીએ ચડિયાતો છે. વર્ષોથી ગુલામીને કારણે કયારેક જગદ્‌ગુરુની ગરિમા ધરાવતા આ દેશે પોતાની એ ઓળખ ખુમાવી હતી. ધીરે ધીરે એ ગુમાવેલી ઓળખ પુનઃ પ્રસ્થાપિત થઈ રહી છે ત્યારે સ્વાતંત્ર્ય પર્વ એ કોઈ રાજકીય સત્તાકારણના કોચલામાં પુરાયેલા ઉત્સવ ન બની રહેતાં પ્રજાનું હૃદયપર્વ બની રહે એવી 'જન ગણ મન અધિનાયક' ને અભ્યર્થના ગુજારીએ.

ઝલકારીબાઈની યુક્તિ કામયાબ નીવડી...

નવાં કલેવર
નટવર હેડાઉ

'રાણીબા, અંગ્રેજ લશ્કરનો ઘેરો વધી રહ્યો છે. તમે સિફતથી નીકળી જાવ, હું લડી લઈશ.' ઝલકારીએ કહ્યું.

ના.... ના.... ઝલકારી એવું કેમ બને ? લક્ષ્મીબાઈ બોલ્યા.

'રાણીબા મારી વાત માનો તમારી જિંદગી રાષ્ટ્રની આઝાદી માટે ઘણી કિંમતી છે. તેમ નીકળી જાવ.' ઝલકારીએ ફરી કહ્યું.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અનેક સ્ત્રીઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. સન ૧૮૫૭ના સમરમાં મહાન વીરાંગના ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની સેનામાં ઝલકારીબાઈ પણ એક મહિલા સૈનિક હતી. પોતાની બહાદુરીની તાકાતથી તે રાણી લક્ષ્મીબાઈની વિશેષ સલાહકાર બનેલી. તે પણ પુરુષ પોષાકમાં અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરતી ત્યારે લક્ષ્મીબાઈ જેવી જ લાગતી. તોપ ચલાવવામાં કે કુશળ હતી. મોટાભાગના અંગ્રેજ સૈનિક તેને જ લક્ષ્મીબાઈ સમજતા.

ઝલકારી બાઈ પિતા સદોબાસિંહ અને માતા જમુના દેવીની તે દિકરી હતી. તેની માતાના મૃત્યુ પછી કિશોરાવસ્થામાંથી તેના પિતાએ તેને એક દીકરાની જેમ ઉછેરીને મોટી કરી હતી. બાળપણથી જેને ઘોડેસવારી ને હથિયાર તલવાર, ભાલા વિગેરે ચલાવવામાં પ્રવિણ થઈ ગયેલ. પરંતુ તે સમયની સામાજિક પરિસ્થિતિઓને કારણે ઝલકારી બાઈ શિક્ષણ મેળવી શકી ન હતી.

સન ૧૮૫૭ના વિદ્રોહ સમયે જનરલ રોજે પોતાની વિશાળ અંગ્રેજ ફોજ સાથે ૨૩ માર્ચ,. ૧૮૫૮ના દિવસે ઝાંસી પર આક્રમણ કર્યું. રાણી લક્ષ્મીબાઈએ વીરતાપૂર્વક પોતાના પાંચ હજાર સૈન્ય દળથી અંગ્રેજોની વિશાળ સેનાનો સામનો કર્યો. રાણી કાલપીમાં પેશવા દ્વારા મદદની રાહ જોતી હતી. પરંતુ મદદ ન મળી શકી. કેમ કે તાત્યા ટોપે જનરલ રોજ સામે હારી ગયા હતા. અને અંગ્રેજોની ફોજ ઝાંસીમાં ઘૂસી ગઈ હતી. ત્યારે રાણી લક્ષ્મીબાઈ પોતાની ઝાંસીને બચાવવા જીવસટોસટનો જંગ લડી રહી હતી.

આ મુશ્કેલ ઘડીમાં ઝલકારી બાઈએ રાણી લક્ષ્મીબાણીના પ્રાણની રક્ષા માટે પોતાને જ રાણી બનાવીને લડવાનો નિર્ણય કરેલ. આ રીતે રાણી ઝલકારી બાઈ આખી અંગ્રેજ ફોજને પોતાની તરફ આકર્ષિત કરી. જેથી રાણી લક્ષ્મીબાઈ સુરક્ષિત બહાર નીકળી શકે. જનરલ રોજની સેના પણ ઝલકારી બાઈને જ રાણી સમજી ને તેના પર પ્રહાર કરવા લાગી. પરંતુ છેલ્લે તેમનો ખબર પડીકે એ તો રાણી ન હતી.

પરંતુ ઝલકારીબાઈની યુક્તિ કામયાબ નીવડી અને રાણી લક્ષ્મીબાઈ અંગ્રેજોના ઘેરામાંથી કયારે નીકળી ગઈ તેની કોઈને ખબર ન હતી.

અંગ્રેજોએ ઝલકારીબાઈની ધરપકડ કરી અને તેને ફાંસી આપી દીધી. ઝલકારીબાઈની આ વીરતાપૂર્ણ સાહસકથાને કારણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેની ભૂમિકા યાદગાર બની રહી. કેમ કે ઝલકારી એટલે જ ઝળકતું ચમકદાર આભાસી વ્યક્તિત્વ.

તેની આ મહાનતાને અનુલક્ષીને ટપાલ વિભાગે ઝલકારી બાઈના તસ્વીરની ટપાલ ટીકીટ પણ બહાર પાડી છે.

માનવીય સંબંધોને વિકસાવવાનો અને નિભાવવાનો આખરે હેતુ શું?

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

પુસ્તકોના એક મોટા સ્ટોરમાં એક વ્યકિત વ્યાપાર, વાણિજ્ય અને વ્યવસ્થાને લગતા પુસ્તકો ખરીદવા માટે પુસ્તકો જોતી હતી અને પોતાને પસંદ પડે એવા પુસ્તકો શોધતી હતી. એ જ સમયે તેમની લગોલગ જ એક વ્યકિત સંબંધોને લગતા પુસ્તકો શોધતી હતી. બંને વ્યકિત લગભગ 'હમઉમ્ર' હતી. પુસ્તકો શોધતા શોધતા બંને વચ્ચે ક્યારેક અનૌપચારિક વાતો થતી હતી. થોડો સમય વિત્યો તે દરમ્યાન બંનેએ એકબીજાના નામ પૂછ્યા. બંનેના વ્યવસાય વિષે વાતચીત થઈ. બંનેએ એકબીજાની પસંદગીના પુસ્તકોની માહિતીની આપલે કરી અને કહ્યું કે પોતાને ગમતા વિષયોના કોઈ સારા પુસ્તકો વિષે જાણતા હોય તો સૂચન કરે.

વાણિજયને લગતા પુસ્તકોમાં રસ ધરાવનાર વ્યકિતએ સંબંધો અંગેના પુસ્તકોમાં રસ ધરાવતી વ્યકિતને પુછ્યું કે સંબંધો વિષે આટલું બધુ શા માટે લખાય છે? સંબંધો વિષે લોકો આટલું બધુ શા માટે વાંચે છે? સંબંધોથી વ્યકિતને આખરે ફાયદો શું થાય છે? સંબંધોનો આખરે હેતુ શું? બંને વચ્ચે આ વિષય ઉપર થોડી ચર્ચા થઈ, થોડી દલીલો થઈ. એ ચર્ચા થોડી લાંબી ચાલી હોત પણ વચ્ચે જ પેલી વાણિજયના પુસ્તકોમાં રસ ધરાવનાર વ્યકિતને કોઈનો ફોન આવ્યો અને તે વ્યકિત ચર્ચાને પડતી મૂકી, પસંદ કરેલા પુસ્તકોને પણ ખરીદ્યા વિના જ સ્ટોરમાં જ છોડી દઈને જતી રહી.

એ વ્યકિતનો પ્રશ્ન ખૂબ જ ધારદાર હતો અને સાર્થક પણ હતો કે સંબંધોનો આખરે હેતુ શું? માણસ પોતાના સંબંધો પાછળ પાગલ શા માટે બને છે?: શા માટે માણસ સંબંધો માટે હવાતિયાં મારે છે? શા માટે માણસ સંબંધો ખાતર ન્યોછાવર થઈ જાય છે? શા માટે સંબંધો ખાતર માણસ પોતાનું બધુ જ વેડફી નાખે છે? શા માટે? શા માટે? શા માટે?

સંબંધો માટેના એક સેમિનારમાં એક યુવાન સહભાગીએ પોતાનું મંતવ્ય રજૂ કરતાં કહ્યું હતું કે વ્યકિતનું પોતાનું મૃત્યુ થાય તે સમયે વધુમાં વધુ સંબંધીઓ, મિત્રો, સ્નેહીજનો અને આપ્તજનો પોતાની સ્મશાનયાત્રામાં જોડાય એ હેતુથી વ્યકિત વધુમાં વધુ સંબંધો કેળવતી હોય છે અને નિભાવતી હોય છે. મૃત્યુ પછી પ્રાર્થના સભામાં વધુમાં લોકો હાજરી આપે એ પ્રાર્થનાસભામાં વધુમાં વધુ લોકો પોતાના ગુણગાન ગાય, પોતાના મૃત્યુ પાછળ વધુમાં વધુ લોકો શોક કરે વધુમાં વધુ લોકો પોતાના મૃત્યુનો પાળે એ હેતુથી વ્યકિત વધુને વધુ સંબંધો નિભાવતી હોય છે.

સંબંધો વિષે એવું કહેવાય છે કે જે વ્યકિતની સ્મશાનયાત્રામાં વધુમાં વધુ લોકો જોડાય એ વ્યકિતએ પોતાના સંબંધોને સાચવવા માટે વધુને વધુ ભોગ આપ્યો હોય છે. આ વાત આમ તો સાચી લાગે છે કારણ કે ક્યારેક એવું પણ બને છે કે વ્યકિતના મૃત્યુ પછી તેની નનામી ઉઠાવવા માટે ચાર કાંધિયાને પણ શોધવા જવું પડતું હોય છે. તેનાથી તદ્દન ઊલટું પણ બનતુહૌ છે કે કેટલીક વ્યકિતઓને મૃત્યુ સમયે વિના નિમંત્રણે હજારો વ્યકિતઓ તેની સ્મશાનયાત્રામાં જોડતા હોય છે અને એ વ્યકિતનું શહેર કે ગામ સ્વયંભૂ બંધ પાળતું હોય છે અને લોકો તેની પાછળ ચોધાર આંસુએ રડતાં હોય છે. જે વ્યકિત મૃત્યુ પામે છે તેને પોતાની પાછળના આ પ્રકારના દૃશ્યો જોવા નથી મળતાં છતાં વ્યકિત જે ઇચ્છા કે હેતુ થકી સંબંધો નિભાવતી હોય છે એ તેનો હેતુ સિધ્ધ થાય છે ત્યારે હયાત રહી ગયેલા તેના આપ્તજનોને સંતોષની લાગણી થતી હોય છે.

વ્યકિતને સારી રીતે જીવવા માટે, પોતાના વિકાસ અને પ્રગતિ માટે સતત પ્રેરણા અને પ્રોત્સાહનની જરૂર પડતી હોય છે. કેટલાક સંબંધો એવા હોય છે જેના થકી વ્યકિતને જીવવા માટે આ પ્રકારે બળ મળતું હોય છે. સારા કાર્યો કરવા માટે, પોતાના નક્કી કરેલા ધ્યેયો હાંસલ કરવા માટે, પોતે નક્કી કરેલી મંજિલ સુધી પહોંચવા માટે ભૌતિક સાધનોની સાથે સાથે કોઈ પોતાની પીઠ થાબડનારું, કોઈ પ્રશંશાના બે પુષ્પો વરસાવનારું, કોઈ અભિનંદન આપનારા સ્નેહીઓની પણ જરૂર પડતી હોય છે. વ્યકિતના કેટલાક સંબંધો આ પ્રકારના ઉદ્દીપક તરીકે કાર્ય કરતાં હોય છે જે વ્યકિતના જીવનમાં ઉત્સાહના દિપક સદાને માટે જલતો રાખતા હોય છે. કેટલાક સંબંધોનો હેતુ આ પણ હોય છે.

આપણે જે કોઈ સંબંધો બાંધીએ છીએ કે વિકાસવીએ છીએ તેની પાછળનો એક હેતુ એ સંબંધોમાંથી અને સંબંધીઓ પાસેથી કશુંક શીખવાનો અને કઈક પામવાનો હોય છે. વ્યકિતના સંબંધો કોઈ પણ પ્રકારના હોય, કોઈ જ સંબંધ એવા નથી હોતા કે જેમાથી વ્યકિત કઈ જ ના શીખી શકે. સંબંધો કોઈપણ હોય, વ્યકિત એ સંબંધોમાથી જો કઈ જ ના શીખી શકે તો એ વ્યકિતની પોતાની નિષ્ફળતા છે. પોતાની કમનસીબી છે. જે સંબંધમાથી આપણને કઈ જ શીખવા ના મળે એ સંબંધો જ એળે ગયા એવું કહી શકીએ. એ સંબંધો જ અર્થહીન સાબિત થાય છે. આમ વ્યકિત જયારે પોતાના સંબંધો થકી કઈક શીખે છે ત્યારે તેનો હેતુ પાર પડે છે.

વ્યકિત ક્યારેક કોઈ મુશ્કેલીમાં ફસાઈ જાય, એ મુશ્કેલીના કારણે વિષાદની ઊંડી ગર્તામા ધકેલાઇ જાય, વ્યકિતને ના કળી શકાય એવી નિરાશા ઘેરી વળે, એ સમયે વ્યકિતને કોઈની સાંત્વના અને કોઈની હુંફની જરૂર પડતી હોય છે. આ પ્રકારની હુંફ અને સાંત્વના ગાઢ સંબંધો થકી જ મળતી હોય છે. સાચુકલા સંબંધો થકી મળતી હુંફ, સાંત્વના અને સધિયારો વ્યકિતને પોતાની હતાશામાથી બહાર નીકળવા માટે મદદરૂપ થઈ શકે છે. આવા કપરા સમયે વ્યકિતને મળતી સાંત્વના થકી ક્યારેક વ્યકિત પોતાના જીવનનું નવસર્જન કરી શકતી હોય છે. આમ એ સમયે વ્યકિતને એવી લાગણી થાય છે કે પોતાના સંબંધોનો હેતુ પાર પડ્યો છે.

(ક્રમશઃ)

બેન્કીંગ સેવાના ચાર્જિસ માટે રેગ્યુલેશન્સ નક્કર નથી

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

કોઈ પણ રાષ્ટ્રના વિકાસમાં બેન્કોનું યોગદાન ઘણું મોટું અને અવિરત હોય જ છે. બેન્કો માત્ર થાપણો સ્વીકારી ઋણ સર્જનનું કામ કરતી નથી. આધુનિક યુગમાં સમતોલ અને સર્વાંગી વિકાસ માટે વિશાળ બેન્કીંગ નેટવર્ક અત્યંત મહત્ત્વનું છે કહી શકાય. બેન્કોની બેંક એ ભારતમાં રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયા છે અને તે વખતોવખત સમયાંતરે તેની ક્રેડિટ પોલિસી જાહેર કરતી રહે છે. રાષ્ટ્રના અર્થતંત્ર ને અનુરૂપ તે પગલાઓ લેતી હોય છે પરંતુ ખબર નથી કે રિઝર્વ બેંક પણ ઘણી બધી બાબતોમાં મૌન સેવ્યા કરે છે. અને તેના કારણે અંતે ઉપભોક્તા કે ગ્રાહક હેરાન-પરેશાન થઈ જાય છે તેનું મુખ્ય કારણ એ વ્યક્તિગત રીતે એકલો પડે છે અને કકળાટ કરી સહન કરી લે છે તો બીજી તરફ બેન્કો તેની પોલિસી મુજબ બધા જ પ્રકારનાં ફાઈનાન્સિયલ ચાર્જિસ વસૂલવાનું ચાલુ રાખે છે ! બેન્કોએ સેવાકીય પ્રવૃત્તિનું ક્ષેત્ર અને ઉત્તમ ગ્રાહક એવા આ ધંધાની સફળતા માટે માસ્ટર કી હોવા છતાં ગ્રાહક ઉપર શું વિતશે અથવા કેવી અસર થશે તેની કોઈ ચિંતા કોઈ પણ બેન્ક કરતી નથી. ગ્રાહકની ખુશી એ જ ધંધાનો મુદ્દા લેખ હોવા છતાં ગ્રાહક જ સૌથી વધુ પરેશાન છે અને મુંઝવણથી ઘેરાયેલો થયો છે આ કડવી અને વાસ્તવિક બાબત છે ! જાહેરક્ષેત્રની તમામ બેંકો વિવિધ પ્રકારના ચાર્જ જે વસુલે છે તે તેઓની પોલિસી મુજબ પણ ભિન્ન હોય છે તેમાં યુનિફોર્મ ઢાંચો નથી અને નિયંત્રણકર્તા આ વિશે ચૂપ હોય છે. લઘુત્તમ બેલેન્સ ખાતામાં રાખવામાં ન આવે તો ચાર્જ લેવામાં આવે છે. ખાનગી ક્ષેત્રની ત્રણ અને જાહેર ક્ષેત્રની એકવીસ બેન્કોએ આ પ્રકારનો ચાર્જ લીધો તેની રકમ પાંચ હજાર કરોડથી વધુ છે.

જાહેર ક્ષેત્રની બેંકોમાં એસ.બી.આઈ. ચાર્જ વસુલવામાં ટોચે છે કારણ કે ખાતાઓની સંખ્યા તેમાં વધારે છે. મહિનામાં સરેરાશ રકમ કેટલી રાખવામાં આવે છે તેના આધારે લઘુત્તમ બેલેન્સની મર્યાદા નક્કી થાય છે પણ આ સિલીંગ દરેક બેન્કની જુદીજુદી જોવા મળે છે. લઘુત્તમ બેલેન્સના રખાય તો દંડ થાય પણ નોટબંધી પહેલા સુધી તો બેંકો શૂન્ય બેલેન્સથી ખાતા ખોલતી હતી સરકારને નાણાંકીય સમાવેશમાં જબરો ઉત્સાહ હતો. જનધન ખાતા ખોલવાનો રેકોર્ડ નોંધાયો. અલબત્ત એ જુદી વાત છે કે પછીના સમયમાં બેન્કોએ આવા ખાતા લાખોની સંખ્યામાં બંધ પણ કર્યા કારણ કે આવા ખાતાઓને નિભાવવાનું વ્યાજબી લાગ્યું નહી !

નો ફ્રીલ એકાઉન્ટ બેંકોમાં ખોલાયા હતા અને હવે પેનલ્ટી લગાવવામાં સ્પર્ધા કે જે જરા પણ વ્યાજબી નથી ! પારદર્શિતા જેવું કંઈ નથી. રિઝર્વ બેંક કડકાઈ પૂર્વક કશું જણાવતી પણ નથી. મફત સેવા તો કોઈ છે જ નહીં અને કસ્ટમર ડિલાઈઠ, કસ્ટમર હેપ્પીનેશની મોટી મોટી વાતો થાય છે. આર્થિક રીતે ગ્રાહક હવે રાજામાંથી રંકની હાલતમાં આવી ગયો છે તે હપ્તા ભરીને, મોંઘવારીના મારથી, ભીંસથી પીડિત થઈ ગયો છે અને બેંકોમાં જો સિસ્ટમ વિવિધ પ્રકારના ચાર્જ ખાતામાંથી ઉધાર્યા જ કરે તો અંતે કષ્ટથી કણસે એ બને કસ્ટમર... આ સ્થિતિમાં ચાર્જીસ ની એકરૂપતા શા માટે જાહેર કરવામાંઓ આવતી નથી? એ પ્રશ્ન પ્રજા પૂછે છે, કન્ઝુયુમર પ્રોટેકશન એક્ટ (COPRA) ૧૯૮૬થી દેશમાં અમલમાં આવ્યો છે પરંતુ પ્રજા કે ઉપભોક્તા તેની તમામ જોગવાઈની અજાણ જ રહે છે. બીજુ બેન્કો મનમાની કરીને રકમ લીધા કરે ત્યારે ગ્રાહક વર્ગ યુનાઈટેડ નહીં હોવાથી કંઈ પરિણામ આવતું નથી. મધ્યમ કે ગરીબ વર્ગના મુખ્ય વ્યક્તિના ખાતામાં મહિનો માંડ ચાલતું હોય ત્યાં પેનલ્ટી ??

એ.ટી.એમ.લાવવામાં આવ્યા ત્યારે એની પાછળ ગ્રાહક ને ગમે ત્યાં ગમે ત્યારે કેશ મળી રહે તે સેવા ભાવના જ મુખ્ય હતી પછી ઘણા વખતે ડિજિટલ ઈન્ડિયાની વાત આવી અને હવે આ જ ડિજિટલ પ્લેટફોર્મ માણસોની મુસીબત બની જાય તેવું સાબિત થતું રોકવું જ રહ્યું. જી.એસ.ટી. માં પણ સમયસર રિટર્ન સમબીટ ના થાય તો સિસ્ટમ વેપારીના ખાતામાંથી દંડ કાપી જ લે છે જેની સામે જબરો રોષ જોવા મળે છે. કનેકટીવીટીના હોય તો નેટ આધારિત કામ ના થઈ શકે તેનો ભોગ ગ્રાહક બને એ પણ વ્યાજબી તો નથી જ. બેન્કો એ મોટા મોટા ચાર્જિસ ને સંશોધિત કરવાની તાતિ જરૂરિયાત છે અને રિઝર્વ બેંકે આંખ આડા કાન કરવા વ્યાજબી પણ નથી. બચતવૃત્તિ અને બચતશક્તિ ને આપણે વિકાસની લાયમાં મારી જ નાંખ્યા છે તેમાં કોઈને શંકા કે અફસોસ પણ નથી. ગ્રાહક સાથે માત્ર કમાણીનો સ્વાર્થ જોવાય તો એકમ ખુદ તૂટી પડતું હોય છે. ગ્રાહક ઝંખે છે વ્યાજબીપણું, સ્મિત, વિનય, ઝડપ, સહકાર અને સંતોષ, આ બધુ મશિન્સ આપી શકે નહીં માટે માણસો પણ રાખ્યા છે.

શેર આસ્વાદ :

લાગણીનાં બીજ વાવ્યા છે ભીની મોસમમાં,
શક્ય છે કે હવે આપણો સંબંધ ઉગી નીકળે.